ભિલોડા પંથકમાં ધીમી ધારે મેઘરાજાનું આગમન

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, શામળાજી, સુનોખ, ચિઠોડા પંથકમાં વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યો : ઝરમર-ઝરમર ધીમી ધારે મેઘરાજાની પધરામણીના શ્રી ગણેશ : વાવણીલાયક વરસાદ અમુક વિસ્તારોમાં આવતા ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી

ભિલોડા, તા.૨૨

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, શામળાજી, સુનોખ, ચિઠોડા પંથકમાં વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ ગત મધ્યરાત્રે, આજે વહેલી સવારે ઝરમર-ઝરમર ધીમી ધારે મેઘરાજાની પધરામણીના શ્રી ગણેશ કરેલ છે. વાવણીલાયક વરસાદ અમુક વિસ્તારોમાં આવતા ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા અને શામળાજી પંથકમાં વાતાવરણમાં પલટો આવ્યા બાદ ઝરમર-ઝરમર વરસાદ આવતા ખેડુતો હરખાયા હતા. વાતાવરણ ખુશનુમુ બન્યું હતું.

ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ સર્જાયા બાદ ઉકળાટ અને બાફનું પ્રમાણ વધતાં અબાલ-વૃધ્ધ-નાના-મોટા સૌ-કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે ખેડુતોની નજર આકાશ તરફ રહેતી હતી. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે ઝરમર-ઝરમર ધીમી ધારે વરસાદ આવતા ભીની માટીની મહેંક પ્રસરી હતી. અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી. હવે તો વરસાદી વાતાવરણ જોવા મળતાં મેઘરાજા મન મુકીને આવશે તેવા એંધાણ વર્તાતા હતા. વહેલી સવારે અને સાંજે આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હતા. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે ધરતીપુત્રોમાં ખુશીની લહેર જોવા મળેલ હતી.

ભિલોડા અને શામળાજી પંથકમાં પવનના સુસવાટા સાથે જોરદાર વાવાઝોડુ આવતા ઠેર-ઠેર મોટા-મોટા હોર્ડિંગ્સો ઉડતા જોવા મળેલ હતા. ધુળની ડમરીઓ ઉડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.અસહ્ય ગરમી અને ઉકળાટ, બાફ ભર્યા વાતાવરણમાં એકા-એક પલટો આવ્યા બાદ ઝરમર વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરેલ હતી. ખેડુતો, પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં બિયારણના વેપારીઓને ઘી-કેળા થઈ ગયા હોવાનું લોકમુખે ચર્ચાય છે. જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ બિયારણના અમુક નાના-મોટા વેપારીઓ ખેડુતોને ઓરીઝનલ બીલ નહી આપતા હોવાની બુમરાણ લોકમુખે સાંભળવા મળેલ છે. બિયારણના અમુક વેપારીઓ બે નંબરનો ધીકતો ધંધો કરી ધોળા દિવસે ખેડુતોને લુંટી રહ્યા હોવાનું જાગૃત ખેડુતો ધ્વારા લોકમુખે જાણવા મળેલ છે.

બાયડ તાલુકાના માધવકંપા નજીક ટ્રક-કાર વચ્ચે અકસ્માત

મોડાસા, તા.૨૨

અરવલ્લી જીલ્લામાં અકસ્માતોની સંખ્યામાં દીન પ્રતીદીન વધારો થવા પામ્યો છે ત્યારે આજ રોજ બાયડ તાલુકાના મધવકંપા નજીક હોન્ડાસીટી કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં કારના ફુરચે ફુરચા ઉડી ગયા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ત્યારે કહેવત છે કે રામ રાખે... તેને કોણ... ચાખે આ કહેવત જાણે અહિયા સાચી પડી હોય તેમ કાર ચાલકને સાક્ષાત યમરાજનો અનુભવ થયો છતાં પણ આબાદ બચાવ થયો હતો.

હિંમતનગર ખાતે એક સરકારી ઓફીસમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારી દર્શનાર્થે ડાકોર જવા નીકળ્યા હતા. ત્યારે બાયડ તાલુકા ના માધવકંપા નજીક કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા પોતાની હોન્ડા સીટી કાર જીજે-૫-પીપી-૮૨૪૨ પરનો કાબુ ગુમાવતા રોંગ સાઈડ ઘુસી જઈ સામેથી આવી રહેલી પર પ્રાંતીય ટ્રકે ટકકર મારતાં કારનો ફુરચે ફુરચા ઉડી ગયા હતા. ત્યારે કારનુ એન્જીન અને સ્ટીયરીંગનો ભાગ ટુટીને બાજુમાં આવેલા ખેતરમાં જઈને પડયો હતો. ત્યારે આ કારચાલક પર જાણે કાળીયા ઠાકોરની કૃપા થઈ હોય તેમ આટલો બધો ભયંકર અકસ્માત હોવા છતાં પણ કારચાલકનો આબાદ બચાવ થયો હતો.

અરવલ્લી જિલ્લામાં ચોમાસાનો પ્રારંભ થતાં ભૂમિપુત્રો વાવણીમાં જોતરાયા

મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લામાં મંગળવાર સાંજથી જિલ્લામાં વરસાદના

(તસવીર : જય અમીન, મોડાસા)

આગમનના પગલે ખેડૂતોમાં આનંદ છવાયો હતો. સતત ત્રણ દિવસ સુધી મેહુલિયો વરસતા જિલ્લાના ભૂમિપુત્રો વાવણીમાં જોડાયા. જિલ્લામાં ભુમિપુત્રો દ્વારા ૫૫૧૫ હેકટરમાં ખરીફ પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. વરસાદી પાણીથી ખેતી કરી જીવનનિર્વાહ ચલાવતા ખેડૂતોએ ચોમાસાના પ્રાંરભમાં જ ખેતીલાયક અનુકુળ વરસાદ પડતા આનંદની હેલીએ ચડયા.

અરવલ્લી જિલ્લાના મોડાસા, મેઘરજ, ધનસુરા, ભિલોડા, બાયડ પંથકના મોટા ભાગના વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદ થવાના પગલે ખેડૂતો વાવણી કાર્યમાં જોતરાયા છે. જિલ્લાના અમુક વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ વરસ્યો નથી પરંતુ ખેડૂતોએ સિંચાઈના પાણીનો ઉપયોગ કરીને પણ ચોમાસામાં સારા વરસાદની આશાએ વાવણીનો પ્રારંભ કરી દીધો છે. ઉનાળાની કાળઝાળ ગરમી બાદ મેઘરાજાનું આગમન થતાં જગનતા તાત વાવણીના કામમાં જોતરાઈ ગયા છે.

ખેડૂતોએ વાવણી લાયક વરસાદ વરસતાં જમીનમાં ભેજ જોવા મળ્યો છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ત્યારે મોટાભાગના તાલુકામાં ભૂમિપુત્રોએ મકાઈ, તુવેર, મગફળી, કપાસના મોંઘાદાટ બિયારણોની અને ખાતરની ખરીદી કરી વિવિધ પાકોની વાવણી શરુ કરી દીધી છે. આગામી દિવસોમાં વધુ વરસાદ પડવાની હવામાનની આગાહીના પગલે ખેડુતોમાં આનંદ છવાયો હતો.

ધાનેરા પંથકમાં આડેધડ લીલા વૃક્ષોની કત્લેઆમ

બનાસકાંઠા જિલ્લાના સરહદી ધાનેરા પંથક માનવ વિભાગ નિંદ્રાધિન બનતાં આડેધડ લીલા વૃક્ષોની કત્લેઆમથી પર્યાવરણ પ્રમીઓમાં ભારે રોષ ફેલાયો છે. ધાનેરા સહીત આજુબાજુના ગામડાઓના ખેતરોમાં અને જાહેર માર્ગો પર તેમજ જંગલની હદમાં મોડી રાત્રેથી વહેલી પરોઢ સુધી બેન્સાવાળાઓ સાથે લીલા લાકડાનો કાળો કારોબાર કરનારા ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટના ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે નાણાંકીય સાંઠ-ગાંઠ રચી વૃક્ષનારાયણના દુશ્મનો બન્યા છે.

આડેધડ ઝાડ કાપી ટ્રેક્ટર, ટ્રોલી અને અન્ય ગાડીઓમાં લાકડાની ખુલ્લેઆમ હેરાફેરી ચાલી રહી છે. ધાનેરાની સૉ મીલોવાળા સ્થાનિક જે તે ગ્રામ પંચાયતોના તલાટીઓ સાથે ખેડૂતોના નામે બોગસ પ્રમાણપત્ર નીકાળતા બેન્સાવાળાઓ બેફામ બની વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છે.

થોડાક સમય અગાઉ કલેક્ટર દિલીપ રાણાએ ડીસા પંથક-ધાનેરા પંથકમાં વન વિભાગ સામે લાલ આંખ કરી આવા તત્વો સામે આકરા પગલાં ભરેલા પરંતુ સમય જતાં ફરીથી જૈસે થેની સ્થિતિ સર્જાતા સમગ્ર પ્રજાજનો સાથે પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. તો આ બદી સામે સક્ષ્ન પગલાં વહીવટીતંત્ર અને લાગતા વળગતા વન વિભાગ લે તે જરૂરી છે.

મધ્યપ્રદેશથી ગુમ થયેલ માનસિક બિમાર યુવાન ત્રણ વર્ષે બામણવાડાથી મળ્યો

શામળાજી, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બામણવાડા ગામના બસસ્ટેન્ડ નજીક છેલ્લા ત્રણ દિવસથી એક અર્ધપાગલ યુવક એક જ અવસ્થામાં એક જ જગ્યાએ બેઠેલો જોઈ બામણવાડા ગામના દૂધ મંડળીના

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

વાઈસ ચેરમેન વાલજીભાઈ દાનાભાઈએ આ અર્ધપાગલ યુવક જોડે પોતાના સ્વજન જેવો વહેવાર કરી તેના પિતાનો મોબાઈલ નંબર મેળવી અર્ધપાગલ યુવકના પિતાનો સંપર્ક કરી મિલન કરાવતા પિતાની આંખોમાં હર્ષની ધારા વહી હતી.

મધ્યપ્રદેશના ઉજ્જૈનના બુખારી ગામના ગરીબ પરીવારના હરીનારાયણ બાલુજી માલવીયા બુખારીનો મોટો પુત્ર શીવનારાયણ (ઉં.વ.૨૩) ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૭ સુધી અભ્યાસ કરેલ છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી મગજ પરનું સંતુલન ગુમાવી બેઠો હતો. તે છેલ્લા ૬ માસથી ઘરેથી નીકળી જતાં પિતા હરિનારાયણે રાજસ્થાન, ઈન્દોર અને અન્ય જગ્યાએ શોધખોળ હાથ ધરી હતી. પરંતુ કોઈ જગ્યાએ પત્તો મળ્યો ન હતો. સીવનારાયણ ભટકતો ભટકતો મોડાસા તાલુકાના બામણવાડા ગામે બસસ્ટેન્ડે ત્રણ દિવસથી બેઠેલો જોઈ બામણવાડા ગામના દૂધ મંડળીના વાઈસ ચેરમેન વણકર વાલાભાઈ દાનાભાઈએ ત્રણ દિવસના ભુખ્યા શિવનારાયણને ભોજન કરાવી પૂછપરછ કરતાં તેણે પોતાનું રહેઠાણ અને મોબાઈલ નંબર આપતા વાલજીભાઈએ મોબાઈલ પર સંપર્ક કરી તેના પિતાને જાણ કરતાં હરીનારાયણ તેમજ તેના ગામના મિત્ર આનંદીલાલ પાટીદાર બન્ને ઉજ્જેનથી ટ્રન મારફતે સીધા મોડાસા તાલુકાના જીવણપુર ગામે આવી પહોંચ્યા હતા. પોતાના ગુમ થયેલા પુત્રને ૬ મહિના પછી મેળાપ થતાં પિતા અને પુત્રની આંખમાં હરખના આંસુ ભરાઈ ગયા હતા.

ઈડરના પાંચ ગામડા ગામે ખેતરમાં કચરો બાળવા બાબતે હુમલો કરાતા ફરિયાદ

ઈડર તાલુકાના પાંચ ગામડા ગામે રહેતા અનીલભાઈ લક્ષ્મણભાઈ ઓજાત શુક્રવારે પોતાના ખેતરમાં હતા. તે સમયે પાસેના ખેતરવાળા રૂપજીભાઈ જોડાભાઈ ઓજાતે આવીને તુ મારા ખેતરમાં લીમડો કેમ સળગાવી રહ્યો છે તેમ કહી અનિલભાઈને ગાળો બોલતા હતા. જેથી અનિલભાઈએ કહ્યુ કે તમારા કહેવાથી ખેતરમાં રહેલ ઘાસ સળગાવ્યું છે. તેમ કહેતા રૂપજીભાઈ ઉશ્કેરાઈ પાવડા વડે અનિલભાઈને માર મારતા ઈજા થવા પામી હતી. જે અંગે અનિલભાઈ ઓજાતે ઈડર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

આગીયા ગામમાં શોર્ટ સર્કીટથી યુવકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામે શુક્રવારે સાંજે પીપળીના ડાળા કાપવા ચઢેલા યુવકનું ધારીયુ ઈલેક્ટ્રીક વાયરને અડી જતાં શોર્ટસર્કિટથી યુવકનું કરૂણ મોત નિપજ્યું હતું. જેથી આગીયા ગામમાં અરેરાટી સહ ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર આગીયા ગામનો સુરેશભાઈ કચરાભાઈ ચેનવા (ઉં.વ.૨૫) શુક્રવારે સાંજે છ વાગ્યાના સુમારે ગામના લખવારા રૂપાભાઈ મોહનભાઈના ઘર આગળની પીપળીના ડાળા કાપવા પીપળી પર ચડ્યો હતો. દરમિયાન ડાળા કાપતાં સુરેશભાઈના હાથમાંનું ધારીયું ઉપરથી પસાર થતી યુજીવીસીએલના વીજ વાયરને અડી ગયું હતું. જેથી શોર્ટસર્કીટ થવા પામતાં સુરેશભાઈના શરીરે કરંટ લાગ્યો હતો. જેથી તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. યુવકનું મોત થતાં ચેનવા પરિવાર સહિત આગીયા ગામમાં અરેરાટી સહ ઘેરા શોકની લાગણીપ્રસરી જવા પામી હતી. આ અંગે મૃતકના પિતા કચરાભાઈ કોદરભાઈ ચેનવાએ ખેડબ્રહ્મા પોલીસને શુક્રવારે જ જાણ કરી હતી જેથી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોડાસાના કેશરપુરાકંપા નજીક ખડકાયેલા કચરાથી કેનાલ ઉભરાતાં હજારો લીટર પાણી વેડફાયુ

મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લાના સિંચાઈ વિભાગ દ્વારા ભુમિપુત્રોની જીવાદોરી



(તસવીર : જય અમીન, મોડાસા)

સમાન કેનાલોની સાફ સફાઈ ન કરાતાં મોડાસા તાલુકાના કેશરપુરા કંપા નજીક આવેલી માયનોર કેનાલમાં કચરાના ઢગલા ખડકાઈ જવાથી કેનાલ ઉભરાઈ જતાં ખેડૂતોના પાક માટે મહામુલુ હજારો લીટર પાણી વેડફાઈ જતાં ભૂમિપુત્રોમાં આકોશ ફેલાયો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-મોનસુન પ્લાનના અમલની તાકીદ કરવામાં આવી હોવા છતાં અરવલ્લી જિલ્લાના સિંચાઈ વિભાગના અધિકારીઓ પ્રિ-મોન્સુન પ્લાનના અમલની વાત ઘોળીને પી ગયા હોય તેવી હાલત જિલ્લાની કેનાલોમાં જોવા મળી રહે છે. જિલ્લાની કેનાલોમાં જાળી ઝાંખરા અને માટીનો ખડકલો થઈ જતાં જિલ્લાના ખેડૂતો દ્વારા કેનાલમાં વાત્રક, મેશ્વો, માઝૂમ, ધરોઈ ડેમમાંથી છોડવામાં આવતા પાણી વેડફાઈ જવાની શંકા સેવાતી હતી. જિલ્લાના ભૂમિપુત્રોએ સિંચાઈ વિભાગના અધિકારીઓનું ધ્યાન દોરવા છતાં માત્ર કાગળ ઉપર જ કેનાલોની સફાઈ કરવામાં આવી હોય તેવી ઘટના બની હતી.

મોડાસા તાલુકાના કેશરપુરા કંપા નજીક આવેલી માયનોર કેનાલમાં ઉગી નિકળેલા જાળી ઝાંખરા અને માટીના ઢગલાઓની સફાઈ ન કરાતાં સિંચાઈ વિભાગ દ્વારા અણઘડ કામગીરી કરતા હોવાની પોલ ખુલ્લી પડી ગઈ હતી. કેશરપુરા કંપા નજીક સિંચાઈ વિભાગની પસાર થતી માયનોર કેનાલમાં મેશ્વો ડેમમાંથી પાણી છોડાતાં કેનાલ ઉભરાઈ ગઈ હતી અને હજજારો લીટર સિંચાઈનું પાણી વેડફાઈ ગયું હતું. કેનાલમાં રહેલા ઝાડી ઝાંખરા અને માટીના ઢગ અને પથ્થરોના લીધે પાણી અવરોધાતા કેનાલમાંથી પાણી ઉભરાઈ બાજુમાં આવેલ ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળતા કેશરપુરા કંપાના ભૂમિપુત્રોમાં આકોશ ફેલાયો હતો અને સિંચાઈ વિભાગ દ્વારા ડેમોનું પાણી છોડતા પહેલા કેનાલોની સાફ સફાઈ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી હતી.

પાલનપુર-ડીસાની ૩૦૦ શાળાની બહેનોએ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવ્યા

પાલનપુર, તા. ૨૨

બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન અંતર્ગત આજરોજ પાલનપુર આર.ટી.ઓ. કચેરી મુકામે પાલનપુર અને ડીસા શાળામાં અભ્યાસ કરતી ૧૨માં ધોરણની બહેનોને આર.ટી.ઓ. કચેરીએ બહેનો માટેના ખાસ કેમ્પ અંતર્ગત કોમ્પ્યુટર ટેસ્ટ આપી લાઈસન્સ મેળવ્યા હતા. આ કેમ્પનો મુખ્ય હેતુ એ હતો કે શાળા કોલેજમાં અભ્યાસ કરતી બહેનો વાહન ચલાવતી હોય છે પરંતુ અભ્યાસના સમયે આર.ટી.ઓ. કચેરીએ લાઈસન્સ લેવા માટે જવાનું હોવાથી બહેનો લાઈસન્સ કઢાવવાની પ્રક્રિયા કરતી નથી જેથી એમનો અભ્યાસનો સમય ના બગડે અને રજાના શનિવારના દિવસે ખાસ વિદ્યાર્થી કેમ્પમાં લાઈસન્સ મેળવે એ હેતુથી આ કેમ્પ કરવામાં આવે છે.

આજરોજ આ કેમ્પમાં જિલ્લા કલેક્ટર શ્રી દિલીપ રાણા, ડી.એસ.પી. શ્રી ચિરાગ કોરડીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ગજેન્દ્રભાઈ સકસેના કેમ્પના આયોજક સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી, પ્રાંત ઓફિસર શ્રી જે.બી. દેસાઈ, બેટી બચાવો બેટી પઢાઓ અભિયાનમાં ટીમ બનાસકાંઠાના સભ્યો ગણેશભાઈ, હર્ષાબેન, નિર્મલપુરીજી, ધર્મેશ રાવલ હાજર રહેલ.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા ખાતે સમસ્ત લોહાણા સમાજનો મહા મેડીકલ કેમ્પ યોજાયો

સમગ્ર રઘુવંશી લોહાણા સમાજની ઈન્ટરનેશનલ લેવલે સામાજીક કામ કરતી સંસ્થા ઈન્ટરનેશનલ લોહાણા તથા ડીસાની જલીયાણ મેડીકલ ઓર્ગેનાઈઝેશનના સંયુક્ત ઉપક્રમે તેમજ અમદાવાદની આરોગ્યમ્ હેલ્થકેર મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પીટલના સાથ સહકારથી ડીસાની રઘુવંશી દેશી લોહાણા વાડી ખાતે સમગ્ર રઘુવંશીઓ માટે મહા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં આરોગ્યમ હોસ્પિટલના ડૉક્ટરો ઉપસ્થીત રહ્યા હતા. જેમાં બહોળી સંખ્યામાં રઘુવંશી સમાજના લોકોએ ચેકઅપ તેમજ દવાઓનો લાભ લીધો હતો. આ કેમ્પના બ્રાન્ડ એમ્બેસેડર અને ફીલ્મ કલાકાર એવા રાકેશભાઈ પુજારા ઉપસ્થીત રહ્યા હતા. વધુમાં મુખ્ય મહેમાન તરીકે ઈન્ટરનેશનલ લોહાણા પ્રમુખ હીતેશભાઈ રાણા (ઠક્કર), મયુરભાઈ ઠક્કર, ચંદુભાઈ તેજારામ ઠક્કર, વિપુલભાઈ વલ્લભરામ ઠક્કર, દિનેશભાઈ, ગૌરવભાઈ-અમાદાવાદ, ભાવિભાઈ ઠક્કર, મહેશભાઈ પુજારા, વિગેરે ઉપસ્થીત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જલીયાણ મેડીકલ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ પ્રહલાદભાઈ ઠક્કર, મંત્રી આનંદભાઈ ઠક્કર, વિજયભાઈ ઠક્કર (પ્રાચી), પરેશભાઈ (શીક્યોર), નિમેશભાઈ ઠક્કર, ડૉ.અરવિંદભાઈ ઠક્કર, ડૉ.જગદીશભાઈ ઠક્કર, ભાવેશભાઈ, પરેશભાઈ જીવરાણી, આર.ડી, તુષાર ઠક્કર, પુનીત તન્ના વિગેરે કાર્યકરોએ ખડેપગે તનતોડ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

હિંમતનગર ખાતે વિકલાંગ જીવનસાથી પસંદગી મેળો યોજાશે

હિંમતનગર, તા. ૨૨

યુવા ચેતના સંસ્થા હિંમતનગર દ્વારા આયોજીત વિકલાંગ જીવનસાથી પસંદગી મેળો-૨૦૧૫નું આયોજન કરેલ છે. ગુજરાત રાજયના વિકલાંગ કુંવારા યુવક-યુવતીઓ, છુટાછેડા યુવક-યુવતીઓ, વિધુર ભાઈઓ તથા વિધવા બહેનો માટે જીવનસાથી પસંદગી મએળાનું આયોજન કરેલ છે. વિકલાંગ યુવકો માટે ફી રૂ. ૧૦૧.૦૦ રાખેલ છે. વિકલાંગ બહેનો માટે ફી રાખેલ નથી. તા. ૨૨-૧૦-૧૫ના રોજ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવશે. તે પહેલા એક જીવનસાથી અંગેની બુકલેટ બહાર પાડવામાં આવશે. જે વિકલાંગ યુવક-યુવતી પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છુક હોય તેમને યુવા ચેતના સંસ્થાની ઓફીસ યુવા ચેતના સંસ્થા, લેઉઆ પાટીદાર સમાજવાડી, જગદીશ હોલની બાજુમાં, મહાવીરનગર, હિંમતનગર, જી. સાબરકાંઠા, ફોન નં. ૯૩૨૭૯ ૬૮૫૯૨ ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦